જા.ક્ર.RMSA/વોકેશનલ/૨૦૨૬/ 4823

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ-3, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત,
તા.૨૯/૦૬/૨૦૨૬.

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
સુરત, જિ.સુરત.

આ સાથે સામેલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના NEP-2020 અન્વયે ત્રિભાષા સૂત્રનો અમલ કરવા માટે શૈક્ષણિક વર્ષ-૨૦૨૬-૨૭ થી ધોરણ-૧૦માં ત્રીજી ભાષાના વિકલ્પમાંથી વોકેશનલ વિષયને દૂર કરીને આઠમાં વિષય તરીકે સમાવેશ કરવા બાબતના તા.૨૦/૦૬/૨૦૨૬ પત્રાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૬/૨૨૨૧-૨૨૫૬ના પત્રની જાણ તથા અમલવારી સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ.સુરત

ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૬/૨૨૨૧-૨૨૫૬
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૨૦/૦૬/૨૦૨૬

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય:- NEP-2020 અન્વયે ત્રિભાષા સૂત્રનો અમલ કરવા માટે શૈક્ષણિક વર્ષ-૨૦૨૬-૨૭ થી ધોરણ-૧૦માં ત્રીજી ભાષાના વિકલ્પમાંથી વોકેશનલ વિષયને દૂર કરીને આઠમા વિષય તરીકે સમાવેશ કરવા બાબત

સંદર્ભ:- (૧) બોર્ડની તા.૧૪/૦૫/૨૦૨૬ના રોજ મળેલ શૈક્ષણિક સમિતિના ઠરાવ ક્રમાંક:૦૫/૨૦૨૬
(૨) અત્રેની કચેરીનો પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૬/૧૭૬૧-૬૨, તા.૨૬/૦૫/૨૦૨૬
(૩) શિક્ષણ વિભાગનો તા.૨૦/૦૬/૨૦૨૬ નો પત્રક્રમાંક: ED/MIR/e-file /3/2026 /3159/CHH

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે NEP-2020 અન્વયે ત્રિભાષા સૂત્રનો અમલ કરવા માટે શૈક્ષણિક વર્ષ-૨૦૨૬-૨૭ થી ધોરણ-૧૦માં ત્રીજી ભાષાના વિકલ્પમાંથી વોકેશનલ વિષયને દૂર કરીને આઠમા વિષય તરીકે સમાવેશ કરવા અંગે સંદર્ભ-(૧) થી શૈક્ષણિક સમિતિમાં કરવામાં આવેલ નિર્ણય અન્વયે અત્રેની કચેરીના સંદર્ભ-(૨) દર્શિત પત્રથી સદર બાબતે સરકારશ્રીની મંજૂરી મેળવવા માટે શિક્ષણ વિભાગને દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે અન્વયે સંદર્ભ-(૩) દર્શિત શિક્ષણ વિભાગના પત્રથી સરકારશ્રી દ્વારા આ અંગે મંજૂરી આપવામાં આવેલ છે.

ઉક્ત વિગતે શૈક્ષણિક વર્ષ-૨૦૨૬-૨૭ થી ધોરણ-૧૦માં ત્રીજી ભાષાના વિકલ્પમાંથી વોકેશનલ વિષયને દૂર કરીને આઠમા વિષય તરીકે સમાવેશ કરવામાં આવેલ છે. જે અન્વયે શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭થી અમલમાં આવેલ ધોરણ-૧૦નું વિષય માળખું નીચે મુજબ છે.

| ક્રમ | શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ થી અમલમાં આવેલ ધોરણ-૧૦નું નવું વિષયમાળખું |
|---|---|
| | વિષયનું નામ |
| 1. | પ્રથમ ભાષા<br>(જે માધ્યમની શાળા હોય તે ભાષા)<br>• ગુજરાતી/હિન્દી/અંગ્રેજી/મરાઠી/ઉર્દૂ/સિંધી/ તમિલ/તેલુગુ/ઉડિયા |
| 2. | દ્વિતીય ભાષા<br>• અંગ્રેજી (અંગ્રેજી માધ્યમ સિવાયની શાળાઓ માટે)<br>• ગુજરાતી (ગુજરાતી માધ્યમ સિવાયની શાળાઓ માટે) |
| 3. | તૃતીય ભાષા (ગુજરાતી/અંગ્રેજી માધ્યમની શાળા માટે)<br>• હિન્દી (દ્વિતીય)/ સંસ્કૃત/ ફારસી (દ્વિતીય)/ અરબી (દ્વિતીય)/ સિંધી (દ્વિતીય)/ ઉર્દૂ (દ્વિતીય) |
| 4. | ગણિત (બેઝિક/સ્ટાન્ડર્ડ) |
| 5. | વિજ્ઞાન |

| | |
|---|---|
| 6. | સામાજિક વિજ્ઞાન |
| 7. | <u>સામાન્ય શાળાઓ માટે</u><br>(નીચેનામાંથી કોઈ પણ એક વિષય)<br>કમ્પ્યુટર અધ્યયન, ગૃહવિજ્ઞાન, પશુપાલન અને ડેરીવિજ્ઞાન, વાણિજ્ય પરિચય, એલિમેન્ટસ ઓફ એન્જિનિયરીંગ, યોગ. સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ, ચિત્રકળા, સંગીત, સીવણ અને ભરત<br><u>વાણિજ્ય શાળાઓ માટે</u><br>(નીચેનામાંથી કોઈ પણ એક વિષય)<br>વાણિજ્ય પરિચય, નામાનાં મૂળતત્વો, વાણિજ્ય પત્રવ્યવહાર અને સેક્રેટરીયલ પ્રેક્ટીસ<br><u>ટેકનિકલ શાળાઓ માટે</u><br>(નીચેનામાંથી કોઈ પણ એક વિષય)<br>એલીમેન્ટસ ઓફ એન્જિનિયરીંગ<br>કમ્પ્યુટર એડેડ એન્જિનિયરીંગ ડ્રોઈંગ<br>બેઝીક્સ ઓફ એન્જિનિયરીંગ પ્રોસેસ, મેન્ટેનન્સ એન્ડ સેફટી<br><u>ઉત્તર બુનિયાદી શાળાઓ માટે</u><br>(નીચેનામાંથી કોઈપણ એક વિષય)<br>કૃષિવિદ્યા, ગૃહવિજ્ઞાન, પશુપાલન અને ડેરીવિજ્ઞાન |
| 8. | વોકેશનલ શિક્ષણનો વિષય |
| નોધ : વિદ્યાર્થીએ જેટલા વિષય રાખેલ હોય તે તમામ વિષયોમાં ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષામાં ઉત્તીર્ણ થવાનું રહેશે. | |

ઉક્ત વિગતો આપના તાબા હેઠળની તમામ માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારૂં મોકલી આપશો.

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ.
ગાંધીનગર.

<u>નકલ સવિનય રવાના:-</u>

- માન.અધ્યક્ષશ્રી. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

<u>નકલ રવાના:-</u>

- નાયબ નિયામકશ્રી પરીક્ષા (SSC), ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.